CHIPS EXPRESS
પરદેશ પાર્સલ સર્વિસ
M. 9227706105
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-O', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર.

પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૧૮ | ૩૧ જાન્યુઆરી, ૨૦૨૦, શુક્રવાર; મહા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજથી સંસદના બજેટ સત્રનો આરંભ

**આજે રાષ્ટ્રપતિ બંને ગૃહોની સંયુકત બેઠકને સંબોધન કરશે તે પછી રજુ થશે આર્થિક સર્વેક્ષણ, શનિવારે નાણાંમંત્રી દેશનું સામાન્ય બજેટ રજૂ કરી જનતાને લ્હાણી કરશે : બજેટ સત્રના એક દિવસ પહેલા સર્વપક્ષીય બેઠક યોજાઈ ગઈ : તમામ મુદ્દા અને વિષય ઉપર ચર્ચા કરવા વડાપ્રધાન મોદીએ વિપક્ષને ખાતરી આપી : સત્ર બે તબક્કામાં રહેશે : પ્રથમ તબક્કો ૧૧ ફેબ્રુઆરી સુધી ચાલશે**

નવીદિલ્હી, તા. ૩૦ રાજકીય વર્તુળોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે સંસદનુ બજેટ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યુ છે. જેમાં તમામ મહત્વપૂર્ણ બાબતો દેશ માટે થનાર છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવામાં આવનાર છે. આવતીકાલે આર્થિક સર્વે અને પહેલી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવામાં આવનાર છે. સંસદના બજેટ સત્રની શરૂઆત થાય તેના એક દિવસ પહેલા આજે સર્વપક્ષીય બેઠક યોજાઇ હતી. જેમાં તમામ પક્ષોના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ હતુ કે સરકાર દરેક વિષય પર અને મુદ્દા પર ચર્ચા કરવા માટે તૈયાર છે. વિપક્ષના અભિપ્રાયને સાંભળવા માટે પણ તૈયાર છે.



સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ આ અંગેની માહિતી આપી હતી. જોશીએ કહ્યુ હતુ કે વડાપ્રધાને ખાતરી આપી છે કે અર્થવ્યવસ્થા સહિત તમામ મુદ્દા પર સાર્થક ચર્ચા કરવા માટે સરકાર તૈયાર છે. મોદીએ તમામ મુદ્દા પર ચર્ચા માટે ખાતરી આપી હતી. જોશીએ બેઠકના સંબંધમાં વાત કરતા કહ્યુ હતુ કે

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં કોરોના વાયરસનો પ્રથમ પોઝિટીવ કેસ કેરળમાં નોંધાયો

**કેરળ પરત ફરેલા વિદ્યાર્થીનો કેસ પોઝિટવ રહ્યો : ચીનથી હાલમાં પરત વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝિટીવ આવતા દહેશત વધી ગઇ : દર્દીની હાલત સ્થિર : તબીબોની નજર**

નવી દિલ્હી,તા. ૩૦ ચીન અને અન્ય કેટલાક દેશોમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસના કારણે વિશ્વના દેશો ચિંતાતુર બનેલા છે ત્યારે ભારતમાં પણ પ્રથમ કેસ સપાટી પર આવી ગયો છે. ચીનથી હાલમાં પરત ફરેલા કેરળના વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝિટીવ આવતા દહેશત વધી ગઈ છે. આ વિદ્યાર્થી ચીનના વાયરસગ્રસ્ત વુહાન યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યો હતો. દર્દીની હાલત હાલમાં સ્થિર બનેલી છે. તબીબોની બાજ નજર તેના પર રહેલી છે. તેને તમામ પ્રકારની સારવાર આપવામાં આવી રહી છે. ચીનમાં આ વાયરસના કારણે હજુ સુધી ૧૭૦ લોકોના મોત થઈ ચુક્યા છે. બીજી બાજુ ગાજિયાબાદ અને ગુડગાવમા શંકાસ્પદ દર્દીના મામલા સપાટી પર આવ્યા છે. આ દર્દી હાલમાં જ ચીનથી પરત ફર્યા છે. આ પહેલા જયપુર, મુંબઇ, બિહારના છપરામાં પણ શંકાસ્પદ કેસ સપાટી પર આવ્યા હતા. દિલ્હીની હોસ્પિટલ અને એરપોર્ટ પર તપાસ માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. એરપોર્ટ પર કોરોના વાયરસની તપાસ કરવામાં આવી રહી છે. દિલ્હીના રામમનોહર લોહિયામાં તપાસ માટેની સુવિધા ઉભી કરવામાં આવી છે. વાયરસથી ગ્રસ્ત બનેલા ચીનમાંથી પોતાના




● અનુસંધાન પાન-૭ પર

# આજથી બે દિવસ બેંક હડતાળ

**ચર્ચા નિષ્ફળ જતાં ૧૦ લાખથી વધુ બેંક કર્મીઓ હડતાળમાં જોડાશે : પગારમાં વધારા સહિત જુદી જુદી માંગણીને લઇ કર્મીઓ હડતાળ પર : માર્ચમાં ફરી હડતાળ ઉપર જવાની ચેતવણી**

નવીદિલ્હી, તા. ૩૦ સરકારની સાથે વાતચીત નિષ્ફળ રહ્યા બાદ તમામ બેંક યુનિયનોએ હડતાળ પાડવાનો નિર્ણય યથાવત રાખ્યો છે. આની સાથે આવતીકાલે ૩૧મી જાન્યુઆરી અને પહેલી ફેબ્રુઆરીના દિવસે જાહેર ક્ષેત્રની દેશની મોટાભાગની બેંકો બંધ રહેશે. આ હડતાળનો સમય ખુબ મહત્વપૂર્ણ છે. કારણ કે આવતીકાલે આર્થિક સર્વે રિપોર્ટ રજૂ કરાશે જ્યારે પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરાશે. બેંક કર્મચારીઓ વર્ષ ૨૦૧૭થી પગારમાં વધારો કરવાની માંગ કરી રહ્યા છે. દેશની મોટાભાગની બેંકો હવે બે દિવસ બંધ રહેશે. બીજી ફેબ્રુઆરીના દિવસે પણ બેંક બંધ રહેશે કારણ કે તે દિવસે રવિવાર છે. બેંક હડતાળથી પહેલા મુખ્ય લેબર કમિશનર દ્વારા ઈન્ડિયન બેંક એસોસિએશનને બેંક યુનિયનોની સાથે પગાર સમજૂતિ માટે બેઠક બોલાવવા આદેશ કર્યા હતા જેના ભાગરુપે આજે આઈબીએ દ્વારા બેંક યુનિયનના સંગઠનના પ્રતિનિધિઓને મુંબઈમાં બેઠક

● અનુસંધાન પાન-૭ પર

# ચીનમાં કોરોનાનો હાહાકાર ૨૪ કલાકમાં જ ૪૦ના મોત

**૨૪ કલાકમાં જ ૧૮૦૦ નવા કેસો સપાટી ઉપર : કુલ કેસો વધીને ૭૭૪૦ ઉપર : પોતાના નાગરિકોને ખસેડવા વિવિધ દેશોની કવાયત**



બેજિંગ,તા. ૩૦ ચીનમાં ફેલાયેલા ખતરનાક અને જીવલેણ કોરોના વાયરસનો હાહાકાર જારી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ આ વાયરસના કારણે વધુ ૪૦ લોકોના મોત થઈ ગયા છે. સાથે સાથે દરરોજ હજારો નવા કેસ સપાટી પર આવી રહ્યા છે. ચીનમાં યુદ્ધના ધોરણે આ વાયરસને રોકવા માટે પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કોરોના વાયરસનો કાળો કેર જારી છે. હજુ સુધી કોરોના વાયરસના કારણે ૧૭૦ લોકોના મોત થઈ

● અનુસંધાન પાન-૭ પર

# ‘યે લો આઝાદી’ કહી યુવક દ્વારા જામિયા વિસ્તારમાં ગોળીબાર : એક વિદ્યાર્થી ઘાયલ

**પિસ્તોલ સાથે યુવકે જામિયા-મિલિયા મુર્દાબાદના નારા લગાવ્યા : ગોળીબાર કરનારા શખ્સની ધરપકડ**

નવીદિલ્હી, તા. ૩૦ પાટનગર દિલ્હીના જામિયાનગરમાં દિનદહાડે ગોળીબારની ઘટનાથી દેશભરમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસની ઉપસ્થિતિમાં બંદૂક લહેરાવીને એક વ્યક્તિએ વિદ્યાર્થી પર ગોળીબાર કરી દીધો હતો. યે લો આઝાદી કહીને આ વ્યક્તિએ ગોળીબાર કરી દીધો હતો. જો કે, મોડેથી ગોળીબાર કરનાર આ શખ્સની ધરપકડ કરી લેવામાં આવી હતી. તેની પુછપરછ ચાલી રહી છે. આજે જામિયાનગર વિસ્તારમાં સીએએના વિરોધમાં દેખાવ દરમિયાન આ શખ્સે ગોળી ચલાવી દીધી હતી. ગોળી ચલાવનાર વ્યક્તિએ કહ્યું હતું કે, મેં તુમ લોગો કો આઝાદી દિલાતા હૂં. આરોપીનું નામ ગોપાલ હોવાનું જાણવા મળ્યું છે. તે ઘણા દિવસથી આવી ઘટનાને અંજામ આપવા માટે પ્લાનિંગ કરી રહ્યો હતો. ઘટનાથી પહેલા આ વ્યક્તિએ અનેક ફેસબુક પોસ્ટ પણ કર્યા હતા. ફેસબુક લાઈવ પણ કર્યા હતા. ગોળી ચલાવનાર વ્યક્તિએ પિસ્તોલ લહેરાવીને દિલ્હી પોલીસ જિંદાબાદ, જામિયા મિલિયા મુર્દાબાદના નારા લગાવ્યા હતા. આ ગોળીબારની ઘટનાથી આજે દિવસ દરમિયાન તંગદિલી રહી હતી. આ શખ્સની અટકાયત કરી લેવામાં આવી છે. ફેસબુક પર પોતાને રામભક્ત કહેનાર ગોપાલે પોતાને તમામ સંગઠનોથી મુક્ત ગણાવ્યો છે. ૨૮મી જાન્યુઆરીના એક પોસ્ટમાં આ શખ્સે લખ્યું હતું કે, ૩૧મી જાન્યુઆરી સુધી તેના પોસ્ટને કોઈપણ વ્યક્તિ નજરઅંદાજ ન કરે. ઘટનાને અંજામ આપવા માટે નિકળતા પહેલા પણ આ વ્યક્તિએ સ્પષ્ટતા કરી હતી કે તે મારવા મરવાને



લઈને તૈયાર છે. આજે એક પોસ્ટમાં લખ્યું હતું કે, તેની ઈચ્છા અંતિમસંસ્કાર માટે ભગવામાં લઈ જવાની રહેલી છે અને જયશ્રીરામના નારા લગાવવામાં આવે. તેના પરિવારની કાળજી લેવામાં આવે. શાહીન ભાગ ખેલ ખતમ જેવા પોસ્ટ પણ આ વ્યક્તિએ લખ્યા હતા.

તપાસ કરવામાં આવતા આ કિશોરની ઓળખ ગોપાલ તરીકે થઈ છે. તે ગ્રેટર નોઈડાનો નિવાસી છે. ગ્રેટર નોઈડના જેવરમાં રહેનાર આ યુવક ૧૨માં ધોરણમાં અભ્યાસ કરે છે. પરિવારના લોકો તેને સગીર ગણી રહ્યા છે. ઘરેથી સ્કુલ જવા માટે નિકળ્યો હોવાનું કહીને નિકળ્યો હતો. જામિયા વિસ્તારમાં સીએએના વિરોધ પ્રદર્શન દરમિયાન આ શખ્સે ગોળી ચલાવી હતી. ગોળી ચલાવનાર વ્યક્તિએ પિસ્તોલ હવામાં લહેરાવી હતી. ઘાયલ થયેલા જામિયાના એક વિદ્યાર્થીને ઈજા થઈ હતી. ઘાયલ વિદ્યાર્થીને હોલી ફેમિલી હોસ્પિટલમાં ખસેડાયો હતો જે હવે એમ્સ ટ્રોમાં સેન્ટરમાં દાખલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# નાગરિકતા કાનૂન પર યૂરોપીયન સંસદમાં ભારતની કુટનીતિક જીત

**વિરોધ પ્રસ્તાવ અંગેનું મતદાન માર્ચ મહિના સુધી ટળ્યું**

લંડન,તા.૩૦ ભારતમાં સંસદે પાસ કરી દીધેલા નાગરિકતા સુધારિત કાયદા (સિટીઝનશિપ અમેન્ડમેન્ટ એક્ટ – સીએએ) પર યુરોપીયન સંસદમાં આજે મતદાન થવાનું હતું, પરંતુ એને મુલતવી રાખવામાં આવ્યું છે. આ મતદાન હવે માર્ચ મહિનામાં યુરોપીયન સંસદના સત્ર વખતે યોજવામાં આવશે. આ જાણકારી યુરોપીયન સંસદે એક નિવેદન બહાર પાડીને આપી છે.

યુરોપીયન સંસદના આ નિર્ણયને ભારત સરકાર માટે રાજદ્વારી જીત તરીકે ગણવામાં આવે છે. યુરોપીયન સંસદે જોકે કહ્યું છે કે સીએએ પ્રસ્તાવ પર આ સંસદમાં ચર્ચા ચાલુ રાખવામાં આવશે. કયા કારણસર સીએએ પર ગુરુવારનું મતદાન રદ કરવામાં આવ્યું છે તે હજી જાણી શકાયું નથી. પરંતુ એટલું સિદ્ધ થયું છે કે યુરોપીયન સંસદમાં પાકિસ્તાન ઉપર ભારતે વિજય મેળવ્યો છે.

સાથોસાથ, ભારત સરકારે એમ પણ કહી દીધું છે કે સીએએ ભારતનો આંતરિક મામલો છે અને તેનો અમલ લોકતાંત્રિક રીતે કરવામાં આવ્યો છે. ભારત સરકારના સૂત્રોએ કહ્યું કે, ભારત સરકારે કહ્યું છે કે એને આશા છે કે યુરોપીયન સંસદના સભ્યો સીએએ અંગે ભારતના વલણને સમજશે.

સીએએની વિરુદ્ધમાં યુરોપીયન સંસદમાં પ્રસ્તાવ રજૂ કરાય એની સામે લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ જોરદાર રીતે વાંધો ઉઠાવ્યો છે. એમણે યુરોપીયન સંસદના વડાને કહ્યું હતું કે એક સંસદ કોઈ કાયદો પાસ કરે પછી એની પર બીજી કોઈ સંસદ ચુકાદો આપે એ યોગ્ય ન કહેવાય. કેટલીક વ્યક્તિઓ એનો દુરુપયોગ કરી શકે. ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ પણ સીએએ સામે યુરોપીયન સંસદમાં પ્રસ્તાવ પર ચર્ચા કરાય અને મતદાન કરાય એનો વિરોધ કર્યો છે.

યૂરોપિયન યુનિયનના આ નિર્ણયને બિરદાવતાં ભારતે કહ્યું હતું કે ભારતના દોસ્તો ખરે ટાણે

# અનુરાગ ઠાકુર ૩ દિવસ અને પ્રવેશ વર્મા માટે ૪ દિવસ પ્રચાર પર પાબંદી

ન્યુ દિલ્હી,તા.૩૦ ભડકાઉ ભાષણો કરવા બદલ ભાજપના બે નેતાઓ અનુરાગ ઠાકુર અને પ્રવેશ વર્મા પર ચૂંટણી પંચે કેટલાક દિવસો માટે પ્રચાર કરવા પર પ્રતિબંધ લગાવી દીધો છે.

મળતી વિગતો પ્રમાણે મોદી સરકારના મંત્રી અનુરાગ ઠાકુર પર ત્રણ દિવસનો અને અને પ્રવેશ વર્મા પર ચાર દિવસનો પ્રતિબંધ લગાવાયો છે. આ સમયગાળા દરમિયાન તેઓ ચૂંટણી માટે પ્રચાર નહી કરી શકે. ગઈકાલે ચૂંટણી પંચે તાત્કાલિક અસરથી ભાજપના આ બંને નેતાઓને સ્ટાર પ્રચારકોના લિસ્ટમાંથી બહાર કરવાનો આદેશ આપ્યો હતો.

# નથૂરામ ગોડસે અને વડાપ્રધાન મોદીની વિચારધારા એક સમાન : રાહુલ ગાંધી

વાયનાડ,તા.૩૦ નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ કોંગ્રેસના ભૂતપુર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી તેમના વાયનાડના પ્રવાસ પર છે. વાયનાડમાં બંધારણ બચાવો રેલીને સંબોધિત કરતા રાહુલ ગાંધીએ એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે નાથુરામ ગોડસે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિચારધારા એક જ છે. બન્નેની વિચારધારામાં કોઈ જ અંતર નથી. બસ નરેન્દ્ર મોદીમાં એ કહેવાની હિમ્મત નથી કે તે નાથુરામ ગોડસેમાં શ્રદ્ધા રાખે છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે ભારતવાસીઓને સાબિત કરવું પડી રહ્યું છે કે તે ભારતીય છે. નરેન્દ્ર મોદી કોણ છે કે જે નક્કી કરશે કે હું ભારતીય છું. તેમને આ લાઈસન્સ કોણે આપ્યું છે કે તે નિર્ણય કરશે કે કોણ ભારતીય છે કે નહીં? હું જાણુ છું કે હું ભારતીય છું. મારે કોઈની પાસે તે સાબિત કરવાની જરૂર નથી.

ડ્રીમ બંગલો વેચાણ/ભાડે
કુડાસણ પોદાર સ્કુલની સામે, ૪૪૦ વારના પ્લોટમાં ૬૫૦ વાર બાંધકામ, ફુલ ફર્નિશ્ડ, લીફ્ટ અને સીડી, ૬ બેડરૂમ, ૨ કિચન, ૭ બાથરૂમ, ડ્રોઈંગ રૂમ, ડાઈનીંગ રૂમ, લીવીંગ રૂમ, સર્વન્ટ ક્વાર્ટસ સાથે
૯૬૩૮૧૪૫૧૪૫
૮૭૬૫૪૮૭૬૯૪

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ચાર ધામ યાત્રા
12 દિવસ / 11 રાત્રી
રેલ્વે ટીકિટ ફ્રી
₹19999 5% GST એક્સ્ટ્રા
યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ
સ્વાદિષ્ટ ગુજરાતી, પંજાબી ભોજન • રહેવાની ઉત્તમ સુવિધા
R K VACATIONS PVT. LTD.
079- 40 40 35 35 | 61 61 35 35